# બાળકો ભલે શાળાએ નહી જાય, પણ તંત્ર ગેરકાયદેસર દબાણો તો નહી જ હટાવે

## ચિલોડાની તલાવડી આસપાસ ગેરકાયદેસર દબાણોના કારણે બાળકોનું શાળાએ જવુ મુશ્કેલ બન્યું : ગંદકીના સામ્રાજ્યના કારણે રોગચાળો ફેલાવાની દહેશત : ગ્રામજનોની અનેકવાર રજૂઆત છતાં તંત્રના અગમ્ય કારણોસર આંખ મીંચામણા

ચિલોડા, તા. ૧૦

ચિલોડા-દહેગામ રોડ પર આવેલ તલાવડી છલોછલ ભરાતાં સમસ્યારૂપ બનવા પામી છે. આ તલાવડીના વધારાના પાણીના નિકાલ માટેના માર્ગ પર ગેરકાયદેસર દબાણોના કારણે પાણીનો ભરાવો થતા નજીકની શાળાઓમાં ભણવા જતાં વિદ્યાર્થીઓને પારાવાર હાલાકી ભોગવવી પડી રહી છે. આ પાણીના ભરાવાના કારણે અહીં ગંદકીનું સામ્રાજ્ય ખડુ થયું છે અને રોગચાળો ફેલાવાની દહેશત પણ ઉભી થવા પામી છે.

નેશનલ હાઈવે પરનું ખુબ જ અગત્યના પોઈન્ટ ગણાતા ચિલોડા સર્કલ નજીક જ આવેલ આ તલાવડીની આસપાસ કોમર્શિયલ શોપીંગ કોમ્પલેક્ષના વેપારીઓ દ્વારા ગેરકાયદેસર દબાણો ખડા થઈ જવાને કારણે પાણીના નિકાલનો રસ્તો બંધ થઈ જવા પામ્યો છે. તંત્રની આંખ નીચે વિકસેલા આ દબાણોના કારણે તલાવડીનું પાણી આસપાસના રહેણાંક અને સોસાયટી વિસ્તારમાં ફેલાઈ જવાથી આવવા-જવાના માર્ગો પણ પાણીમાં ગરકાવ થઈ જવા પામ્યા છે. આ માર્ગો નાના નાના ભૂલકાઓને શાળાએ જવા માટેના હોઈ તેમને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ગ્રામજનો દ્વારા અનેકવાર મૌખિક અને લેખિત રજૂઆતો કરવા છતાં તેમની રાવ તંત્રના બ્હેરા કાને અથડાઈને પાછી ફરવા પામી છે.


(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

આ તલાવડીનું પાણી રહેણાંક વિસ્તારમાં ફેલાવાના કારણે અહીં પારાવાર ગંદકીનું સામ્રાજ્ય ખડુ થવા પામ્યું છે અને જેના કારણે રોગજન્ય જીવજંતુઓનો ઉપદ્રવ પણ વધી જવા પામ્યો છે. આ રોગજન્ય જીવાણુના કારણે અંહીના રહેણાંક વિસ્તારોમાં અને નજીકની સોસાયટીઓમાં રહેતા રહીશોમાં રોગચાળો ફેલાય તેવી દહેશત પણ સેવાઈ રહી છે. આ પાણીમાં લીલ બાઝી ગઈ છે અને ગંદકીના કારણે સમગ્ર વિસ્તારમાં ભારે દુર્ગંધ પણ ફેલાઈ રહી છે. છતાં તંત્રનું રૂંવાડુ પણ ફરકવા નથી પામ્યુ. જેથી ગ્રામજનોમાં ભારે રોષની લાગમી પ્રવર્તી રહી છે.

ગ્રામજનોએ દબાણકારોને પણ અનેકવાર પાણીના નિકાલ માટે આજીજીઓ કરી છે અને ગ્રામ પંચાયતમાં પણ વારંવાર આ દબાણો દૂર કરવા અથવા પાણીના નિકાલ માટે યોગ્ય વ્યવસ્થા કરવા રજૂઆતો કરી છે, પરંતુ કોઈ અગમ્ય કારણોસર તંત્ર દ્વારા કોઈપણ પ્રકારની તજવીજ કે કાર્યવાહી હાથ ધરાતી નથી. આ દબાણો સંપૂર્ણપણે ગેરકાયદેસર હોવા છતાં તે અંગે કયા કારણોસર આંખ મિચાંમણા કરાય છે અને શા માટે દબાણકર્તાઓને છાવરવામાં આવે છે તે ગ્રામજનોને માટે કલ્પનાનો વિષય બનેલ છે. હાલ તો સત્વરે આ પાણીના નિકાલનો માર્ગ કરી તેનો ભરાવો ખાલી કરવા અને ત્યાં જંતુનાશક દવાઓનો છંટકાવ કરાય જેથી રોગચાળાનો ભય દૂર થાય તેવી તીવ્ર માંગ ગ્રામજનોમાં ઉઠવા પામી છે.

# સેક્ટર-૩૦ જી.ટી.એસ.પાસેના છાપરા વિસ્તારમાં રહેતા શ્રમજીવીઓ રામ ભરોસે

ગાંધીનગર, તા. ૧૦

રાજ્યમાં મેઘતાંડવથી જનજીવન તહસનહસ થઈ જવા પામ્યું છે. વરસાદી પાણી ભરાવાથી ઝુંપડાવાસીઓનો પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. પાટનગરના સેક્ટર-૩૦ જીટીએસ પાસેના ઝુંપડાવાસીઓની હાલત ખરાબ થઈ જવા પામી છે. સરકારી તંત્ર દ્વારા કોઈપણ રાહત આપવામાં આવી નથી.

રાજ્યના વિવિધ વિસ્તારો પાણીથી જળબંબાકાર થઈ જવા પામ્યા છે. ઝુંપડામાં રહેતા શ્રમજીવીઓની હાલત અત્યંત દયનીય બની જવા પામી છે. જી.ટી.એસ. પાસેના છાપરામાં વસતા શ્રમજીવીઓ સરકારની રાહતની રાહ જોઈ રહ્યા છે.

વરસાદથી છાપરામાં વિજળી, પાણી અને શૌચાલય સહિતના રેન બસેરાની માંગ કરવામાં આવી છે. હાલમાં શાંતિથી સુઈ શકે તે માટે ગાદલા, ધાબળા અને ઓસિકા મળે તે માટેની આશા રાખી ૧૦૦થી વધુ શ્રમજીવી સહાયની કાગડોળે રાહ જોઈ બેઠા છે.

ઝુંપડપટ્ટી આજુબાજુ ઉકરડાના ઢગ ખડકાઈ જવા પામ્યા છે. જેના કારણે માથુ ફાટી જાય તેવી અસહ્ય દુર્ગંધ ફેલાઈ રહી છે. તંત્ર દ્વારા દવાનો છંટકાવ પણ કરવામાં આવતો નથી. ત્યારે જો આ વિસ્તારમાં ત્વરીત પગલાં ભરવામાં નહી આવે તો રોગચાળો ફાટી નિકળવાની સંભાવના સેવાઈ રહી છે. તંત્ર દ્વારા ઝડપથી પગલા ભરવામાં આવે તેવી શ્રમજીવીઓની માંગ છે.

# ગાંધીનગરનું ગૌરવ



ગાંધીનગર, તા.૧૦

બારડોલી ખાતે રાજય કક્ષા તરણ સ્પર્ધા યોજાયેલી જેમાં ગાંધીનગર જિલ્લાના માઉન્ટ કાર્મેલ સ્કુલ ગાંધીનગર ધો-૭માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની રુચિસીંગ સુરેશકુમાર ચૌધરીએ તરણ સ્પર્ધામાં ૨૦૦ મીટર ફ્રી સ્ટાઈલ સ્પર્ધામાં રાજય કક્ષાએ પ્રથમ આવી ગાંધીનગર જિલ્લાનું તેમજ માઉન્ટ કાર્મેલ સ્કુલનું ગૌરવ વધાર્યું છે.

# જિલ્લા પંચાયત વર્ગ-૩ કર્મચારીઓના પડતર પ્રશ્નોની રજૂઆત કરવામાં આવી

ગાંધીનગર, તા.૧૦

જિલ્લા પંચાયત વર્ગ-૩ કર્મચારી મંડળે આજે જિલ્લા વિકાસ અધિકારીની મુલાકાત લીધી હતી. કર્મચારીઓના વિવિધ પ્રશ્નોની રજુઆત કરવામાં આવી હતી. જેમાં મંડળના પ્રમુખ રસિકભાઈ પટેલે જિલ્લા વિકાસ અધિકારી સમક્ષ મંડળના પ્રશ્નો રજુ કર્યા હતા. તેમણે ગાંધીનગર જિલ્લા પંચાયત વર્ગ-૩ના કર્મચારીઓને જુનિયર કલાર્કમાંથી સિનિયર કલાર્કમાં બઢતી આપવી, સિનિયર કલાર્કને નાયબ ચીટનીશ બનાવવા તેમજ નિવૃત્ત કર્મચારીઓને નિવૃત્ત થયા પછી વિવિધ લાભો લેવા માટે આંખે પાણી આવે છે ત્યારે તેમને મળતા લાભો નિર્વિઘ્ને મળે તેવી વ્યવસ્થા કરવી જેવા પ્રશ્નોની રજૂઆત કરવામાં આવી હતી. આ મુલાકાતમાં મંત્રી દિલીપભાઈ દવે અને સંગઠન મંત્રી પી.આર. રાઓલ જોડાયા હતા.

# આજે સે-૨૮માં તણાવ મુકત જીવન પર સેમિનાર

ગાંધીનગર, તા.૧૦

સ્પર્ધાત્મક યુગમાં માનવીની ભાગદોડ વધી જવા પામી છે. દિવસે દિવસે માનવી, માનવી નહિ પણ યંત્ર બનતો ગયો છે. જીઆઈડીસી એન્જિનિયરીંગ એસોસિએશન દ્વારા તણાવ મુકત જીવન પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે.

આજ રોજ એન્જિનિયરીંગ એસ્ટેટ સે-૨૮ના કોમ્યુનિટી હોલ પ્લોટ નં. ૫૦૬/૧ ખાતે બપોરે ૨.૪૫ વાગે સેમિનાર યોજાશે. જેમાં બ્રહ્માકુમારીઝના ગોલ્ડ મેડાલીસ્ટ જાનકી દાદી સ્ટ્રેસ ફ્રી લીવીંગ, સેલ્ફ મેનેજમેન્ટ અને મેડિટેશન વિષય પર વકતવ્ય આપશે.

# રોહિતદાસ સમાજની બેઠક

સંતશ્રી રોહિતદાસ સેવા સમાજ ગુજરાત ગાંધીનગરની વાર્ષિક સામાન્ય સભા આગામી તા. ૨૧મી સપ્ટેમ્બર રવિવાર બપોરે ૧-૦૦ વાગે સેવા સંકુલ સેકટર-૬ ખાતે મળશે તેમજ ચૂંટણી કાર્યક્રમ સંસ્થાના કાર્યાલય ખાતે પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

# ગાંધીનગરના નિનાદ ઠક્કરે નેશનલ સાયન્સ સેમિનારની સ્પર્ધામાં દ્વિતિય સ્થાન પ્રાપ્ત કર્યું

## નિસર્ગ સાયન્સ સેન્ટરની સાયન્સ કલબના મેમ્બર નિનાદે ૩૩ જિલ્લાના ૬૬ વિદ્યાર્થીઓમાં દ્વિતિય સ્થાન મેળવી ગાંધીનગરનું ગૌરવ વધાર્યું

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરના સે. ૨૩ માં આવેલ નિસર્ગ સાયન્સ સેન્ટરની સાયન્સ કલબના મેમ્બર તેમજ સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલના વિદ્યાર્થી નિનાદ ઠક્કરે અમદાવાદની સાન્યસ સીટી ખાતે યોજાયેલ 'નેશનલ સાયન્સ સેમિનાર'માં રાજ્યકક્ષાની સ્પર્ધામાં દ્વિતિય સ્થાન પ્રાપ્ત કર્યું છે. ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, કોલકત્તાની નેશનલ કાઉન્સીલ ઓન સાયન્સ મ્યુઝિયમ તેમજ મુંબઈની નહેરૂ સાયન્સ સેન્ટર દ્વારા પ્રતિવર્ષની માફક આ વર્ષે નેશનલ સાયન્સ સેમિનાર અમદાવાદની સાયન્સ સીટી ખાતે યોજવામાં આવ્યો હતો.

આ વર્ષે આ નેશનલ સાયન્સ સેમિનારનો વિષય 'ઉજજવળ ભવિષ્ય માટે કૃષિક્ષેત્રે સંશોધન : પડકારો અને શક્યતાઓ' રાખવામાં આવ્યો હતો. નેશનલ સાયન્સ સેમિનારમાં રાજ્યકક્ષાની સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં જુદા જુદા ૩૩ જિલ્લાના ૬૬ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ વિદ્યાર્થીઓએ ચાર્ટસ અને પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા કૃષિ ક્ષેત્રે સંશોધનો અને પડકારોની વાત કરી હતી. નિસર્ગ સાયન્સ સેન્ટરની સાયન્સ કલબના મેમ્બર નિનાદ પી. ઠક્કરે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા તેની રજુઆત ઊંડાણપૂર્વક કરી હતી. તેમની આ અસરકારક રજુઆતના કારણે તેમને આ સ્પર્ધામાં દ્વિતિય સ્થાને વિજેતા જાહેર કરાયા હતા અને ટ્રોફી-સર્ટિફિકેટ સાથે તેમને રૂપિયા ૭,૫૦૦ નું રોકડ ઈનામ પણ આપવામાં આવ્યું હતું. નિનાદ ઠક્કરની આ સિદ્ધિના કારણે સમગ્ર ગાંધીનગર જિલ્લામાં નિસર્ગ સાયન્સ સેન્ટરનુંગૌરવ વધવા પામ્યું છે. નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. અનિલભાઈ પટેલ તેમજ કો-ઓર્ડિનેટર હાર્દિક મકવાણાએ નિનાદને અભિનંદન પાઠવ્યા છે.

અત્ર ઉલ્લેખનીય છે કે નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વિદ્યાર્થીઓ માટે વિજ્ઞાનની વિવિધ પ્રવૃત્તિઓ, વર્કશોપ, સ્પર્ધાઓ અને સેમિનારનું આયોજન કરવામાં આવે છે. વિદ્યાર્થીઓને આ સેન્ટરમાં રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાઓ માટે તૈયાર કરવામાં આવે છે. અને તે માટે પુરતું માર્ગદર્શન અને પ્રોત્સાહન આપવામાં આવે છે.



અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત પી.કે. મહિલા ચૌધરી કોલેજમાં એકેડેમીક એડમીનીસ્ટ્રેશન ટીમે મુલાકાત લીધી હતી. કોલેજની શિક્ષણ પધ્ધતિ વર્ષ દરમિયાન પરિણામો વહીવટી કાર્યની ચકાસણી, તેમજ સ્પોર્ટસ અને એન.સી.સી.ની પ્રવૃત્તિઓ વિશે માહિતી મેળવી હતી. આ પ્રસંગે વિદ્યાર્થીનીઓ, વાલીઓ કોલેજ પરિવાર ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : કશ્યપ નિમાવત)

# સે. ૩/ન્યુ વસાહત મંડળના હોદ્દેદારો નિમાયા

ગાંધીનગર, તા. ૧૦

સેકટર-૩-ન્યુ વસાહત મંડળની સાધારણ સભા ગત ૪ થીના રોજ યોજવામાં આવી હતી. આ સભામાં મંડળના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે બાબુભાઈ પટેલ, મહામંત્રી તરીકે શંજય ભોસલે, ઉપપ્રમુખ તરીકે મનુભાઈ પટેલ, વિરચંદભાઈ પરમાર, કાંતિભાઈ પટેલ, ખજાનચી તરીકે અશ્વિન શાહ, સહમંત્રી તરીકે કિરીટભાઈ પરેરા, નવઘણભાઈ ભરવાડ, ભરતભાઈ ગઢવી, બાબુભાઈ પ્રજાપતિ, આંતરિક ઓડિટર તરીકે રામજીભાઈ પરમાર, સંગઠન મંત્રી તરીકે સંજય પટેલ, મહેન્દ્ર પંડિત, ભાસ્કર બાલપાંડે, રશ્મિકાન્ત પંડ્યા અને સલાહકાર તરીકે નટુભાઈ શ્રીમાળી, સુરેશ જોષી, આર.કે. શર્મા, પી.એમ. અંસારીની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

# સુંદરકાંડ સંગીતમય પાઠ યોજાશે

શ્રી રામચરિત માનસના પંચમ સોપાન શ્રી સુંદરકાંડના સંગીતમય પાઠ કાન્તિભાઈ યોગીની વ્યાસપીઠે શ્રી મહારાષ્ટ્ર ભવન, સેકટર-૨૧ ખાતે આજે તા. ૧૧-૯-૨૦૧૪ ગુરુવારના રોજ બપોરે ૩.૩૦ વાગે અંકુરભાઈ વ્યાસ, પ્લોટ નં. ૭૭૧/૧, પંચશીલ એપાર્ટમેન્ટના યજમાનપદે યોજાશે. ભાવિક સર્વે ભકતોને પધારવા હાર્દિક આમંત્રણ પાઠવેલ છે.

# સરઢવમાં પશુ નિદાન કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૧૦

શ્રી સરઢવ ગ્રામ વિકાસ મંડળ સુવર્ણ જયંતિ મહોત્સવ ૨૦૧૪ અંતર્ગત પશુરોગ નિદાન સારવાર કેમ્પ તા. ૮-૯-૨૦૧૪ સોમવારના રોજ પશુ દવાખાના સરઢવ ખાતે સવારે ૮.૦૦ થી ૧૨.૦૦ કલાક દરમિયાન કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૭૦ પશુઓની વિનામુલ્યે સારવાર કરવામાં આવી હતી. જેમાં સર્જરીઓ પણ કરવામાં આવી હતી.

કેમ્પમાં સરઢવ ગ્રામ વિકાસ મંડળના પ્રમુખ ડૉ. કે.ટી. પટેલ, વાડીભાઈ બી. પટેલ (અધ્યક્ષ ખાદી અને ગ્રામોદ્યોગ બોર્ડ) ગુજરાત રાજય મંડળના હોદ્દેદારો, કાર્યકરો, સરપંચ અરવિંદભાઈ પટેલ તથા પંચાયત પરિવાર, સરઢવ દૂધ ડેરી પરિવાર, જિલ્લા પશુપાલન અધિકારી ડૉ. ત્રિવેદી તેમની સમગ્ર ટીમ સાથે ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# પોદ્દાર ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા બિઝકિડ્સ બાઝારનું આયોજન કરાયું

## બાળકોએ હાથે બનાવેલી ઈકો ફ્રેન્ડલી ચીજવસ્તુઓ વેચીને નાણા દાનમાં આપ્યા

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં આવેલ પોદ્દાર ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા તાજેતરમાં બિઝકિડ્સ બાઝાર નામનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં જાણીતા યુવા ઉદ્યોગપતિ સૌમિલ પુરોહિતે ઉપસ્થિત રહી બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો.

પોદ્દાર સ્કૂલના બાળકોએ જુલાઈ અને ઓગસ્ટ માસ દરમિયાન તેમના ઈન્ટીગ્રેટેડ ઈંગ્લિશ કલાસમાં બનાવેલી ચીજવસ્તુઓ જેવી કે પેપર બેગ્સ, રેપીંગ પેપર્સ, બુકમાર્કસ, ફોટો ફ્રેમ્સ અને ગ્રીટીંગ્સ કાર્ડસનું આ કાર્યક્રમમાં વેચાણ કર્યું હતું. આ કાર્યક્રમ શાળા દ્વારા બાળકોને ભવિષ્યના ઉદ્યોગ સાહસિક બનવા માટે પ્રેરણા મળે તે માટે કરાયું હતું. આ કાર્યક્રમ દ્વારા વેચેલી ચીજવસ્તુઓથી મળેલા નાણા બાળકોએ ચેરીટી માટે દાન કર્યા હતા. આ ચીજવસ્તુઓ ઈકો ફ્રેન્ડલી મટીરીયલ્સથી બનાવીને બાળકોએ પર્યાવરણના જતન અને પ્લાસ્ટીકના ભાગનો સંદેશ પણ આપ્યો હતો. બાળકોના આ પ્રયાસથી વાલીઓ પણ આનંદીત થઈ ગયા હતા.



શહેરમાં વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરતી લાયોનેસ કલબ ઓફ ગાંધીનગર દ્વારા પ્રવાસ કરાવવામાં આવ્યો હતો. શહેરના પાદરે આવેલ કૈલાશ વૃધ્ધાશ્રમમાં રહેતા ૪૫ વડીલોને ૫મી સપ્ટેમ્બર અગિયારસના દિવસે ઉત્કંઠેશ્વર મહાદેવ, ડાકોર, ગલતેશ્વર, નડીયાદ, જેતલપુર જેવા યાત્રાધામોનો પ્રવાસ કરાવવામાં આવ્યો હતો. પ્રવાસમાં પ્રમુખ ચંદાબેન, સેક્રેટરી ડિમ્પલ, ટ્રેઝરર દક્ષા યાદવ, પ્રજ્ઞાબેન ઠક્કર જોડાયા હતા.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૭
સૂર્યાસ્ત : ૬.૪૬

## તાપમાન

મહત્તમ : ૨૫.૦ ડિ.સે.
લઘુતમ : ૨૫.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૧૦૦ ટકા ● સાંજે ૯૬ ટકા
વરસાદ : ૬.૫ મી.મી.

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્કીન-૧ :
મેરી કોમ : ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

: સ્કીન-૨ :
મેરી કોમ : ૧૨.૩૦

: સ્કીન-૩ :
સ્ટેપ અપ ઓલ ઈન (૩ડી) (અંગ્રેજી) : ૩.૪૫
ટીનેઝ મુટન્ટ નીન્જા ટર્ટલ્સ (૩ડી) અંગ્રેજી : ૬.૦૦

સ્કીન-૪ :
મેરી કોમ : ૧૦.૦૦
મર્દાની : ૧.૦૦
બે યાર (ગુજરાતી) : ૪.૦૦
પેરુચાઝી (મલયાલમ) : ૭.૦૦
સિંઘમ રિટર્ન્સ : ૯.૪૫

: સ્કીન-૫ :
મેરી કોમ : ૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્કીન-૧ :
મેરી કોમ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્કીન-૨ :
એરોપ્લેન વર્સીસ વોલ્કેનો : ૧૦.૧૫, ૧.૧૫, ૭.૧૫ ૪.૧૫, ૧૦.૧૫

સ્કીન-૩ :
મેરી કોમ : ૯.૩૦, ૩.૩૦, ૯.૩૦
રાજા નટવરલાલ : ૧૨.૩૦, ૬.૩૦

## આપની આજ

**મેષ** : પ્રબળ આત્મવિશ્વાસ અને દઢ સંકલ્પથી મુશ્કેલ કાર્યોનો પણ ઉકેલ નીકળશે. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. કાર્યની ગતિમાં વધશે.

**વૃષભ** : વરિષ્ઠ વ્યક્તિઓના વિવાદથી બચવું. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. પ્રબળ આત્મવિશ્વાસ તથા દઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે.

**મિથુન** : કુટુંબ-વ્યાપાર સંબંધી કાર્યોમાં ભાગ્યવર્ધક યાત્રાઓનો યોગ. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

**કર્ક** : કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેનો યોગ. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થશે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. વ્યાપારમાં પ્રગતિ થશે.મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

**સિંહ** : ધર્મ, આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે.

**કન્યા** : પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોનો વિશેષ યોગ. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો.

**તુલા** : કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ. સન્માન અને ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ.

**વૃશ્ચિક** : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે.

**ધન** : ધાર્મિક કાર્યોમાં વિશેષ ધન વ્યય થઈ શકે છે. ભાગીદારીઓથી વિશેષ લાભ. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**મકર** : લંબિત સામાજિક પ્રકરણ સમાપ્ત થશે. અર્થને લગતી સમસ્યાઓ પર વિશેષ ચિંતન યોગ. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

**કુંભ** : શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી. પરિવાર, વેપારની બોદ્ધિક સમસ્યાઓનો વિવેકપૂર્ણ ઉકેલ કરવો. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

**મીન** : મિત્ર વર્ગ, શિક્ષા, સંતાન પક્ષ સંબંધી કાર્યોમાં સમય પસાર થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને.